# સરગાસણ-કુડાસણ વિસ્તારમાં પાણીની લાઈનના ખોદકામ દરમિયાન ગેસ, વિજળીની લાઈનમાં ગાબડુ

**પાણીની નવી લાઇન નાંખવા માટે હાથ ધરાયેલા ખોદકામ દરમિયાન સમસ્યા સર્જાઇ : સ્થાનિકો પરેશાન**





ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જે અન્વયે સેકટરોમાં પણ ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ આડેધડ ખોદકામના લીધે વારંવાર વિજળીના કેબલો કટ થવાની સાથે ગેસ અને ગટર લાઈનમાં પણ ક્ષતિ પહોંચતા સેવાઓ ખોરવાઈ જાય છે. ન્યુ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં પણ આજે લાઈનના ખોદકામ દરમિયાન વિજળી તેમજ ગેસ લાઈનને ક્ષતિ પહોંચી હતી જેના લીધે આ વિસ્તારના રહીશોએ આકરી ગરમીમાં પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગરમાં હાલ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. સેકટરોમાં તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ પાણીની નવી લાઈન નાંખવા માટે ખોદકામ થઈ રહ્યુ છે. એકબાજુ નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખાડા ખોદાઈ રહ્યા છે. ત્યારે આ દરમિયાન ઘણાં ઠેકાણે પાણી , ગટર કે વિજળીના કેબલો કટ ઓફ થતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. શહેરમાં પાણીની નવી લાઈન નાંખવાની કામગીરી ચાલુ થઈ ત્યારથી સેકટરોમાં સતત ફરિયાદો ઉઠતી રહે છે. જેના લીધે સ્થાનિકો પણ ગળે આવી ગયા છે. જયારે આકરી ગરમીના દિવસોમાં પાણી તેમજ વિજપ્રવાહ ખોરવાઈ જતા શહેરીજનોને મુંઝવણભરી સ્થિતિમાં મુકાવવુ પડે છે. ખોદકામ દરમિયાન સેકટરો તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વારંવાર યુટીલિટીઝ લાઈનમાં ભંગાણ થતુ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આ સ્થિતિથી રહીશો તોબા પોકારી ગયા છે. પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ અન્ય સંબંથિત એજન્સી સાથે સંકલન રાખી આ કામગીરી યોગ્ય રીતે કરે તેવી પણ પ્રબળ માંગ સતત ઉઠતી રહે છે. પરંતુ વર્ષો પુર્વે નાંખવામાં આવેલી લાઈન સંદર્ભે વિવિધ વિભાગના અધિકારીઓનો અભ્યાસ પણ પુરતો નથી જેના લીધે એકવાર લાઈમાં ફોલ્ટ આવે ત્યારે પણ પ્રશ્નનુ નિરાકરણ આવતા લાંબો સમય લાગે છે.

● અનુસંધાન પાન-૭ પર

**નવા રોપાઓની વાવણીને અનુલક્ષી**

# વનતંત્ર દ્વારા ચાર સેકટરોમાં નવી ફેન્સીંગ તૈયાર કરાઈ

**આગામી વરસાદી દિવસોમાં નવા રોપોઆની વાવણી કરવા માટે વનતંત્રએ ખાડા ખોદયા : શહેરમાં અન્ય ઠેકાણે પણ તુટેલી ફેન્સીંગ દુર કરી વન આરક્ષિત વિસ્તારને સ્વચ્છ કરવા માટે પણ નાગરિકોની માંગ**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં હરિયાળી બરકરાર રાખવા માટે વનતંત્ર દ્વારા દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે હાલ વન આરક્ષિત વિસ્તારમાં ઠેર ઠેર નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદવામાં આવ્યા છે. હરિયાળા વૃક્ષોનો યોગ્ય ઉછેર થાય તે માટે વનતંત્ર દ્વારા રોપાઓની જાળવણીને અનુલક્ષી વિવિધ ચાર સેકટરોમાં નવી ફેન્સીંગ પણ તૈયાર કરવામાં આવી છે. જો કે હાલ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ સ્થિત ફેન્સીંગમાં ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ પરેશાન છે. નવા રોપોઓની વાવણીને અનુલક્ષી તૈયાર કરાયેલી ફેન્સીંગા પાછળ રૂ ૨૦ લાખનો ખર્ચ કરાયો છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં આગામી વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવનાર છે. જયારે આ નવા રોપાઓને અનુલક્ષી વનતંત્ર દ્વારા વિવિધ ઠેકાણે ખાડા પણ ખોદી દેવાયા છે. જયારે હરિયાળીનુ યોગ્ય જતન થઈ શકે તે માટે તેવા ઠેકાણે નવી ફેન્સીંગ પણ તૈયાર કરી દેવામાં આવી છે. વનતંત્રના વન આરક્ષિત વિસ્તારમાં હાલ ઠેર ઠેર ગાબડા જોવા મળે છે. અલબત્ત ફેન્સીંગ લાંબા સમયથી તુટેલી હાલતમાં છે. પરંતુ આ ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવતુ નથી જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં દબાણો વધતા જાય છે. આ ઉપરાંત રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા પણ પેચીદી બની છે. વનતંત્ર દ્વારા દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ગરમીના દિવસોમાં જ ખાડા ખોદવાનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવે છે. આગામી ચોમાસા દરમિયાન પણ વનતંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં ખાલી જગ્યાનો સર્વે હાથ ધરી નવા હજારો રોપાઓની વાવણી કરાશે જો કે વન આરક્ષિત વિસ્તાર પણ લાંબા સમયથી કંગાળ હાલતમાં હોવાથી હાલ હરિયાળી સામે આમ પણ ખતરો મંડરાયેલો છે. જયારે ઉકરડાનુ કેન્દ્ર સ્થાન બનતા વન વિસ્તારમાં હરિયાળીના અસ્તિત્વ સામે પણ જોખમ ઉભુ થયુ છે. જયારે આગામી વાવેતરને અનુલક્ષી વનતંત્ર દ્વારા હાલ સેકટરોમાં નવા રોપાઓની વાવણી જે ઠેકાણે કરવાની થાય છે તેવા સ્થળે ફેન્સીંગ કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સેકટર-૨૯માંથી કોરોનાનો વધુ એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં ધીમી ગતિએ કોરોનાના કેસો વધવાનો આરંભ થયો છે. છેલ્લા બે માસમાં ૨૦૦થી વધુ કેસો નોંધાયા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જો કે આ વખતે હોસ્પિટલાઈઝેશન બહુ જ નહિવત રહ્યું હોવાથી તંત્રને રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨૯માંથી એક કેસ મળી આવેલ છે. ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ભાઈ કેવી રીતે સંક્રમિત થયા તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે. તેઓ કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાનું જાણવા મળેલ છે. તેમણે કોરોનાના હળવા લક્ષણો હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૨૨ થઈ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. શહેરમાં હાલ ૨૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

શહેરમાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે જો કે તંત્ર સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરી રહેલ છે.

# હવે જિલ્લા તંત્રના અધિકારીઓ દિવ્યાંગોને મળવા તેમના ત્યાં જશે

**સંપર્ક અભિયાન દરમ્યાન દિવ્યાંગજનોને સરકારી યોજનાનો લાભ મળે છે કે કેમ તેની વિગતો પણ એકત્ર કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના દિવ્યાંગજનો માટે આગામી દિવસોમાં તંત્ર દ્વારા સંપર્ક અભિયાન હાથ ધરવાની વિચારણા હાથ ધરાઈ છે.

મળતી વિગતો મુજબ તાજેતરમાં જિલ્લાતંત્રની સમીક્ષા બેઠક દરમ્યાન કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીએ આ સંપર્ક અભિયાન યોજવા અંગે કરેલા સૂચનને પગલે તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ સંપર્ક અભિયાન દરમ્યાન દિવ્યાંગજનોને સરકારી યોજનાનો લાભ મળે છે કે કેમ તેની વિગતો પણ એકત્ર કરવામાં આવશે. ખાસ કરીને ૪૦ ટકાથી વધુ શારિરીક અશક્તતા ધરાવતા દિવ્યાંગજનોની સૂચિ તૈયાર કરવામાં આવી રહી છે. આ યાદી તૈયાર થયા પછી અધિકારીઓ તેમની મુલાકાતે જશે અને વિવિધ સરકારની કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપશે.

જે દિવ્યાંગજનો દ્વારા લાભ લીધેલ હોય અને પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય અને યોજનાનો લાભ ફરીથી મળવાપાત્ર હોય તો તેમને લાભ આપવાની કામગીરી સ્થળ પર જ કરવામાં આવશે.


દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં ૧૦૦ ટકા સિદ્ધિ પ્રાપ્ત કરવા રજીસ્ટ્રાર કચેરી ખાતેથી દર માસે લગ્ન નોંધણીની વિગતો મેળવી અને તેમને લાભ આપી શકાય હોય તેઓને લાભ આપવાની કામગીરી પણ સ્થળ પર જ કરવામાં આવશે.

તંત્ર દ્વારા આ બાબતે વિગતો એકત્ર કરવામાં આવી રહી છે અને આ પછી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિમાં તે અંગેના રૂટ બનાવી અધિકારીઓને કામગીરી ફાળવવામાં આવશે.



શહેરમાં ગરમીના પ્રકોપ વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળે છે. બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર ઘટયુ છે. જયારે આકાશી નઝારો પણ બદલાયો છે. સવારે પણ રોજ આકાશમાં વાદળો છવાયેલા જોવા મળે છે. ઉગતો સુરજ વાદળો વચ્ચે લુપાછુપીની રમત રમતા મોસમનો નઝારો પણ બદલાયેલો જોવા મળ્યો હતો. જો કે બપોર થતા આકાશ ચોખ્ખુ થઈ ગયુ હતુ ગરમીનુ જોરપણ વધી ગયુ હતુ.


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી**



૦૫.૦૩.૧૯૪૯ – ૩૦.૦૫.૨૦૨૧

**અમારા પૂજ્ય પિતાશ્રી**

**સ્વ. સાંકળચંદ રામદાસ પટેલ (એસ. આર. પટેલ)**

જીવન એવું જીવી ગયા કે સૌ ના દિલ માં વસી ગયા
આપનો આનંદિત અને સરળ સ્વભાવ હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પણ કરે તેવી પ્રાર્થના.

શિવાલય™ GROUP

સ્વ. એસ. આર. પટેલ પરિવારના જય શ્રી કૃષ્ણ


# નાના ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ યોજના આશીર્વાદ રૂપ

**રાજયના બે લાખથી વધુ ફેરિયાઓને સ્વનિધિ યોજના અંતર્ગત રૂ.૨૯ લાખથી વધુની સહાય મળી**

કોવિડ-૧૯ લોકડાઉનને કારણે પ્રતિકૂળ અસર પામેલા ફેરિયાઓને તેમની આજીવિકા ફરી શરૂ કરવા માટે સસ્તી વર્કિંગ કેપિટલ લોન આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા પીએમ સ્વનિધિ યોજના તા. ૦૧ જૂન, ૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવી છે, જે યોજના નાના ફેરિયાઓ માટે આશીર્વાદ રૂપ પુરવાર થઈ રહી છે. આ યોજના અતર્ગત રાજયના બે લાખથી વધુ ફેરિયાઓને પી.એમ.સ્વનિધિ યોજના અંતર્ગત રૂ.૨૯ થી વધુની સહાય મળી ચૂકી છે.

પીએમ સ્વનિધિ યોજના હેઠળ રૂ. ૧૦ હજાર સુધીની લોન આપવામા આવે છે. આ યોજના અંતર્ગત રાજયમાં એપ્રિલ ૨૦૨૨ સુધીમાં નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારના ૨,૩૯,૨૦૪ ફેરિયાઓની અરજી મંજૂર કરવામા આવી છે જેમાંથી ૨,૧૨,૧૩૫ ફેરિયાઓને ચૂકવણું કરવામા આવ્યું છે.

આ યોજના થકી ડીજીટલ ટ્રાન્ઝેક્શનને પણ પ્રોત્સાહન મળી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ એપ્રિલમાં તેમની મન કી બાત કાર્યક્રમમાં કહ્યું હતું કે દેશમાં ૨૦ હજાર કરોડથી વધુના ડિજીટલ ટ્રાન્ઝેક્શન અત્યારે થઈ રહ્યા છે. ગુજરાતમાં પીએમ સ્વનિધિ યોજના અંતર્ગત શેરી ફેરીયાઓને માસિક મહત્તમ રૂ.૧૨૦૦/- કેશ બેક મળવા પાત્ર છે. તેમાં ફેરીયાઓએ અત્યાર સુધી કુલ રૂ.૨૯,૦૧,૨૫૯/- નું કેશબેક મેળવ્યું છે.






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com